વરસાદનો મિજાજ પણ કળવો મુશ્કેલ બન્યો..!!!

આ વર્ષે ચોમાસાનો મિજાજ કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે. એક તરફ ભાદરવો માસ ચાલી રહ્યો છે અને બીજી તરફ શહેરમાં વરસાદનું આવન-જાવન સતત ચાલી રહ્યું છે. ક્યારેક કોરૂ કાઢે છે તો ક્યારેક ધોધમાર વરસી પડે છે તેવા વરસાદના પણ અકળ વ્યવહારથી શહેરીજનો પરેશાન થઈ રહ્યાં છે. શનિવારે વાવોલ વિસ્તારમાં બપોરના સમયે અચાનક વરસાદી ઝાપટુ વરસતાં માર્ગો પર પાણી ભરાયાની સ્થિતિ સર્જાઈ હતી.

શહેરના મતદાન મથકો પર પોલીસનો લોખંડી બંદોબસ્ત

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણી તા.૩ જી ઓક્ટોબરના રોજ યોજાવાની છે. ત્યારે મતદાન મથકો પર શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે પોલીસ તંત્ર સજ્જ થયું છે. મહાનગર પાલિકા વિસ્તારમાં ૨૮૪ મતદાન મથકો પર મતદારો માટે મતદાન યોજાશે. શહેરમાં ચુંટણીને પગલે ૭ ડીવાયએસપીના સુપરવિઝન હેઠળ ૧૩૯૭ પોલીસ કર્મચારીઓનો લોખંડી પહેરો ગોઠવાયો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઈ છે. જયારે ૨.૮૪ લાખ મતદારો માટે ૨૮૪ મતદાન મથક ઉભા કરાયા છે. તો બીજીતરફ ૧૩૬ જેટલા મતદાન સંવેદનશીલ અને ૬ મતદાન મથક અંતે સંવેદનશીલ જાહેર કરાયા છે. મનપા વિસ્તારમાં મતદાન મથક પર પોલીસની સાથે એસઆરપી જવાનોની ટીમ પણ તૈનાત રહેશે. ચુંટણીમાં સંવેદનશીલ મતદાન મથકો તેમજ આસપાસના વિસ્તારમાં પોલીસનું સતત પેટ્રોલીંગ કરવામાં આવશે. ચુંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ચુંટણીના દિવસે ૭ ડીવાયએસપીના સુપરવિઝન હેઠળ ૧૩૯૭ પોલીસ કર્મચારીઓ અને ૨ એસઆરપી જવાનોની કંપની કાયદો વ્યવસ્થા જાળવવા માટે તૈનાત કરાઈ છે.

સુઘડની પાર્શ્વનાથ એટલાન્ટીસ ફ્લેટમાં સોના ચાંદીના દાગીના સહિત ૪.૭૨ લાખની સશસ્ત્ર લૂંટ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક સુઘડ પાર્શ્વનાથ એટલાન્ટીસ સોસાયટીના ફ્લેટમાં સાત હુમલાખોર લાકડાના ધોકા, હોકી અને સળીયા વડે હુમલો કરી વેપારીને ઘરમાંથી પકડી નીચે લાવીને સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૪.૭૨ લાખની લુંટ ચલાવી નાસી છુટ્યા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુઘડ પાર્શ્વનાથ એટલાંટિસ પાર્ક સોસાયટી આઈ-પેટલ-૩૦૩ ખાતે રહેતા દીપુસિંગ નારસિંગ રાજપુત પોતાના પરિવાર સાથે રહે છે અને અમદાવાદ જોધપુરમાં પરી ફાર્મસી નામે વેપાર ચાલે છે. દીપુસિંગ પાસે બીએમડબલ્યુ અને સેન્ટ્રો કારની સર્વિસ ધરમરાજ ઉર્ફે કલ્લુ રામ પ્રસાદ યાદવ (નીલકંઠ વાડી ફ્લેટ નરોડા)ના ગેરજમાં કરવામાં આવે છે. ગતરોજ બપોરના સુમારે દીપુસિંગ પોતાની દુકાને હાજર હતા. તે સમયે ફોન કરી ને ધર્મરાજને યાદવે પૈસાની માંગ કરી હતી. જેથી તેમણે કારના બેલ્ટનું કામ કરવા માટે કાર મોકલુ છુ કહી તે કામ પૂર્ણ થયા પછી ડ્રાઈવર પૈસા આપી દેશે. ત્યારપછી રાત્રે દીપુસિંગ પરિવાર સાથે ઘરે હાજર હતા. તે સમયે રાત્રીના સાડા દશ વાગે ધનરાજ અને તેની સાથે કામ કરતો વિશાલ જીતુભાઈ રાવત (રહે.નરોડા)અને સૌરવ સુનિલકુમાર સાધુ (પરિશ્રમ નગરની ચાલી નરોડા) સમીર પટેલ, બલવીરસિંગ સહિત અન્ય બે શખ્સોએ ઘરના દરવાજો ખટખટાવતા દીપુસિંગની પત્નીએ દરવાજો ખોલતા તે અંદર આવીને હોહા કરતા હતા. તે સમયે અવાજ સાંભળીને દોડી આવેલા દીપુસિંગને ગડદાપાટુનો માર મારવા માર્યો હતો. તે ઉપરાંત બલવીરસીંગે છાતીમાં હોકી, સમીર પટેલે સળીયો માથાના ભાગે તેમજ ધનરાજ દંડો મારવા છતા દીપુસિંગ વચ્ચે હાથ લાવી દીધો હતો.હુમલાખોર દીપુસિંગને ફ્લેટમાંથી ઢસડીને નીચે લાવ્યા હતા.તે સમયે સ્થાનિક વસાહતીઓ એકઠા થઈ જતા કાર અને બાઈક લઈ નાસી છુટ્યા હતા. દીપુસિંગને માથાના ભાગે ઈજા પહોંચી હોવાથી લોહી નીકળતા સંધ્યાબેન કપડુ લેવા ગયા હતા. તે સમયે જોયુ તો રૂમના કબાટના ડ્રોવર તુટેલા હતા અને અંદરથી દોઢ તોલાનું સોનાનું મંગળ સુત્ર, બે તોલાની ત્રણ વીંટી રૂ.૨,૦૨,૫૦૦ અને રોકડા રૂ. ૨.૭૦ લાખ મળી કુલ રૂ.૪.૭૨,૫૦૦ ની મત્તા લઈ હુમલાખોર લઈ નાસી ગયો હતા. જયારે ૧૦૮ દ્વારા દીપુસીંગને સારવાર માટે લઈ જવાયા હતા.બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધી જયંતિના દિવસે 'દાંડી કુટિર'ને મુલાકાતીઓ માટે પુનઃ શરૂ કરાઈ

કોરોના મહામારીના કારણે બંધ રખાઈ હતી : પહેલા દિવસે ૩૧૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨

આજે તા. ૨જી ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસથી શહેરમાં મહાત્મા મંદિર પાસે બનાવાયેલ દાંડી કુટિરને ફરીથી મુલાકાતીઓ માટે ખોલવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દાંડી કુટિર કોરોના મહામારીના કારણે લાંબા સમયથી બંધ કરી દેવાઈ હતી અને આજે ૩૧૨ મુલાકાતીઓએ દાંડી કુટિરની મુલાકાત લઈને પ્રદર્શન નિહાળ્યુ હતુ.

કોરોના મહામારીના કારણે રાજ્ય સરકાર દ્વારા ઘણા પ્રવાસન સ્થળો બંધ કરી દેવામાં આવ્યાં હતા જે હવે કોરોના કેસોમાં રાહતને પગલે અનલોકની પ્રક્રિયા અંતર્ગત આપવામાં આવેલી છુટછાટના ભાગરૂપે એક પછી એક ખોલવામાં આવી રહ્યાં છે.

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતિ હતી અને આજના દિવસથી ફરી એકવાર દાંડીકુટિરને મુલાકાતીઓ માટે ખુલ્લી મુકવામાં આવતાં પહેલાં દિવસે જ ૩૧૨ મુલાકાતીઓએ મુલાકાત લઈને ગાંધીજીના જીવન સાથે સંકળાયેલી ઐતિહાસિક ઘટનાઓને લગતુ મલ્ટીમિડીયા પ્રદર્શન નિહાળ્યુ હતુ અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે દેશભરમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે અને દાંડી કુટિર ખાતે તેના ભાગરૂપે સ્વતંત્ર અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર પટેલને લગતુ પ્રદર્શન પણ શરૂ કરાયુ છે જેને પણ મુલાકાતીઓએ નિહાળ્યુ હતુ. દાંડીકુટિરમાં મુલાકાતીઓ માટે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવુ ફરજિયાત કરવામાં આવ્યું છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા.૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ભિલોડા તાલુકાની ચીતરીયાની શેરી શાળાના બાળકોને બિસ્કીટ તથા રમકડાં આપ્યા હતા. મૈત્રી માધ્યમિક તથા છાત્રેશ્વરી પ્રાથમિકના તમામ વિદ્યાર્થીને બોલપેન આપી હતી.

સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું

૨ જી ઓક્ટોબર ગાંધી જયંતી નિમિત્તે આચાર્યશ્રી ડૉ.એમ.જી.ભટ્ટના માર્ગદર્શનમાં 'પ્રવર્તમાન સમયમાં ગાંધી વિચારોની યથાર્થતા' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા તરીકે સાદરા ગ્રામ્ય વિદ્યાપી ના પ્રાધ્યાપક ડૉ .મયુર સી. શાહ દ્વારા ગાંધીજીના ૧૦ મહાવ્રતોનું સવિસ્તાર ઉદાહરણ લઈ તેને વ્યવહારમાં કેવી રીતે ઉતારવા તેવું સમજાવ્યું હતું. સમગ્ર પ્રોગ્રામનું આયોજન સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા પ્રકલ્પ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામની શરૂઆતમાં ડૉ.જી.આર. પટેલે વ્યાખ્યાન ની અગત્યતા સમજાવી હતી ત્યારબાદ ડૉ. ધર્મેન્દ્ર અધ્યારૂ એ વક્તા નો પરિચય આપ્યો હતો અને અંતમાં ડૉ . કે .બી .પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ૬ ઓક્ટો. સુધી હળવા વરસાદી ઝાપટાઓની શક્યતા છે. તેમજ મહત્તમ તાપમાન ૩૩-૩૬ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૭ થી ૮૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.
- ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણીનું મતદાન રવિવારે હોવાથી આજે જિલ્લાની લગભગ તમામ કચેરીઓ ચાલુ રહી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ૨જી ઓક્ટો.ની રજા હોવાથી ટ્રાફિકનું ભારણ ઓછુ હતુ. નગરમાં ક્રિકેટપ્રેમીઓએ પણ ઘરે બેસી આઈ.પી.એલ.ની મેચ માણી હતી.
- શાકભાજીના ભાવમાં વધારો થતાં શ્રાદ્ધના દિવસોમાં મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે.
- શહેરમાં શેરી ગરબાને લઈ તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે. ખેલૈયાઓ પણ આ અંગેની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે.
- મનપાની ચૂંટણીને લઈ ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.
- શહેર-જિલ્લામાં છેલ્લા બે દિવસથી વેક્સિનેશન અભિયાન ધીમુ પડી ગયુ છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે યોજાયેલ ખાસ ગ્રામસભાઓમાં જળ સંચય માટેની પ્રતિભાઓનું વાંચન કરાયુ છે.

નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના બે ખેલાડી ઝળક્યા

૧૮મી સીનીયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપ મધ્યપ્રદેશના દેવાસ ખાતે તા. ૨૬મીથી ૩૦મી સપ્ટેમ્બર-૨૦૨૧ દરમ્યાન યોજાઈ હતી. જેમાં ૨૨ રાજ્યની ટીમોએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમને પ્રથમ રાઉન્ડમાં બાય મળ્યાં બાદ પ્રીક્વાર્ટર ફાઈનલ મેચમાં કેરળની ટીમ સામે ૨-૦ થી જીત થઈ હતી. ક્વાર્ટર ફાઈનલ મેચમાં મહારાષ્ટ્રની ટીમ સામે ૨-૦ થી જીત્યા પછી રસાકસી ભરી સેમીફાઈનલ મેચમાં પંજાબની ટીમ સામે ૩-૧ થી વિજય થયા હતા. ફાઈનલ મેચમાં મેજબાન મધ્યપ્રદેશની ટીમ સામે ૧-૩ થી હારતા, ગુજરાતની ટીમે સીલ્વર મેડલ મેળવ્યો હતો. ઈન્ફોસીટી ટેનિસ એકેડેમી, ગાંધીનગરના કોચીસ પ્રકાશ ધોબી અને સંદીપ ઝાલાના માર્ગદર્શન હેઠળ તાલિમ લઈ રહેલાં બે ખેલાડીઓ હર્ષદીપ પરમાર અને હંસલ શાહે આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમ તરફથી ભાગ લીધો હતો. આ બંને ખેલાડીઓને ઈન્ફોસીટી ટેનિસ એકેડેમીએ તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

વિદ્યાપીઠ રાંધેજા ખાતે જાગૃતિ શિબિર યોજાઈ

ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા પરિસર ખાતે ગુજરાત રાજય આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીના સહયોગથી પોષણ માસને અનુલક્ષીને એક દિવસીય જાગૃતિ શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમનું ઉદઘાટન ડૉ. રાજીવ પટેલે કર્યું હતું. ડૉ. ધર્મેશ રાવલ અને ડૉ. નૈનેષ વસાવાએ પરંપરાગત સજીવ ખોરાક ઉપયોગિતા અને મહત્વ વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. દેવચંદ વહોનિયા દ્વારા આદિવાસી સમાજમાં પ્રચલિત પરંપરાગત ખાનપાન અને તેની અગત્યતા-ઉપયોગિતા વિશે વાર્તાલાપ યોજાયો હતો. ડૉ. તેજલ અધ્વ્યુ અને ડૉ. પ્રવિણ પટેલે વિદ્યાર્થીઓ સાથે જૂથ ચર્ચા દ્વારા માહિતી એકત્રિત કરી હતી. સમગ્ર તાલીમના સંકલન અને સંચાલનની જવાબદારી આદિવાસી સંશોધન તાલીમ સોસાયટીના અધિકારીઓ ડૉ. પ્રવિણ પટેલ, ડૉ. તેજલ અધ્વ્યુ અને ડૉ. રવિન્દ્ર પંચોળીએ કરી હતી.

પેથાપુરના પૂર્વ કોર્પોરેટર હિતુભા ઠાકોર ભાજપમાં જોડાયા

ગાંધીનગર મનપાના વોર્ડ નં.૪માં ભાજપમાં પેથાપુરના કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર હિતુભા ઠાકોર જોડાતાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. હિતુભા ઠાકોરે ગુજરાતના કેબિનેટ મંત્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે કેસરિયો ખેસ ધારણ કરી ભાજપમાં પોતાના ૫૦ જેટલાં કાર્યકરો સાથે વિધિવત રીતે જોડાતા આ વોર્ડના સમીકરણો ભાજપ તરફી ઢળતાં જોઈ શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે વોર્ડ નંબર-૪માં ભાજપના ઉમેદવારો જસપાલસિંહ બિહોલા, ભરતભાઈ દિક્ષિત, દક્ષાબેન મકવાણા અને સવિતાબેન ઠાકોરને પ્રચાર દરમ્યાન મતદારોનો સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

કુડાસણના મોદી વાયફાય ચા પાર્લર પરની ચોરીનો ભેદ ઉકેલાયો : બેની ધરપકડ

ગાંધીનગર, તા.૨

કુડાસણ વિસ્તારમાં મોદી વાયફાય ચા પાર્લર પરથી વેપારીની નજર ચુકવીને રૂ.૧.૫૦ લાખ ભરેલી બેગ લઈને નાસી છુટેલા બે શખ્સોને પોલીસે સરગાસણ બ્રિજ પાસે કાર સાથે એલસીબી પોલીસે દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી દીધો હતો. જયારે ચાર આરોપીઓ પૈકી બે આરોપીઓ વિદેશ જતા રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ વિસ્તારમાં કાનમ-૨ ખાતે રહેતા રમણલાલ પટેલ મોટી વાયફાય ચા પાર્લર ચલાવે છે. પોતાના ઘરેથી રમણલાલ પટેલ બેગ રૂ.૧.૫૦ લાખ અને જરુરી ડોક્યુમેન્ટ પાર્લર પર લઈને આવ્યા હતા. પાર્લર પાસે મુકેલા ખાટલા પર બેગ મુકી હતી.જેમાં વાહનની આરસી બુક સહિતની બેંકની પાસબુક, ચેકબુક પણ અંદર હતી. સવારના સમયે રમણલાલ પટેલ દીવાબત્તી કરતા હતા તે સમયે બે શખ્સો પાર્લર પર આવ્યા હતા અને ખરીદી કરી હતી. તે સમયે વેપારીની નજર ચુકવી બે શખ્સો પૈકી એક ખાટલા પર મુકેલી બેગ લઈ આગળ ઉભી રહેલી ગાડીમાં બેસી નાસી ગયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ તેજ કરી હતી. એલસીબી-૨ દ્વારા આ વિસ્તારમાં પેટ્રોલીંગ સઘન બનાવી દેવામાં આવ્યું હતું. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે ગગન ભુપતભાઈ વીરજા (શિવાલય બ્લેસીંગ સરગાસણ) અને મિત મહેશભાઈ સાધુ (સેકટર-૨૬ કિસાનનગર)ને સરગાસણ પાસે બ્રિજ નીચે થી પકડી પાડ્યા હતા. પોલીસે બે શખ્સોની પુછતાછ કરતા તેઓએ કુડાસણનો પાર્થ ઉર્ફે કાનજી કીરીટભાઈ પટેલ અને સેકટર-૨૬ ખાતે રહેતો ધવલ મહેશ પટેલ સાથે મળીને ગુનો આચર્યો હતો. જયારે દોઢ લાખ રૂપીયાના ચાર ભાગ પાડવામાં આવ્યા હતા. ચાર શખ્સો પૈકી બે દુબઈ જતા રહ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે રૂ.૨૫ હજાર રોકડ, ૫ હજારનો મોબાઈલ ફોન, અને રૂ.૨.૫૦ લાખની કાર કબ્જે લઈ આગળની તપાસ હાથ ધરી છે.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે સેકટર-૨૪ સ્થિત પ્રધાનમંત્રી જનઔષધિ સ્ટોર્સના સંચાલિકા ફોરમ ગજ્જર દ્વારા ૭૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના સિનિયર સિટિઝનોને ફર્સ્ટ એઈડ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી - ૨૦૨૧

મતદાન તારીખ	મતદાન સમય
૩ ઓક્ટોબર ૨૦૨૧, રવિવાર	સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી

આપનું મતદાન સ્વરાજ્યને સુદ્રઢ બનાવે છે. મતદાન અવશ્ય કરીએ.

- મતદાન મથક પર જતા માસ્ક પહેરવો.
- મતદાન મથક પર અન્ય વ્યક્તિઓથી ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર રાખીને સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું.
- મહાનગરપાલિકાની ચૂંટણીમાં દરેક મતદાર પોતાના વૉર્ડમાં વધુમાં વધુ ૪ મત આપી શકે છે.
- મતદારે ઇ.વી.એમ.માં પોતાની પસંદના ચાર (૪) ઉમેદવાર અથવા ચાર પૈકી જેટલા ઉમેદવારોને મત આપવાનો હોય તેમના નામ સામેના બટન દબાવવા અને ત્યારબાદ સૌથી છેલ્લું પીળા રંગનું "રજીસ્ટર" બટન દબાવવું. યાદ રાખો, તમારો મત પીળા રંગના "રજીસ્ટર" બટન દબાવ્યા પછી જ નોંધાશે.
- કોઇ પણ ઉમેદવારને મત ન આપવો હોય તો મતદાર નોટા (NOTA - ઉપર પૈકી કોઇ નહી) નો ઉપયોગ પણ કરી શકે છે.
- ઇ.વી.એમ.નું બટન દબાવતી વખતે તમને આપવામાં આવેલ હાથમોજાંનો અચૂક ઉપયોગ કરવો.



રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જનહિતમાં પ્રકાશિત

મારો મત, નિર્ણાયક મત